॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.





ચિત્રમાં પૂ. ગુરુદેવ સાથે ધવલભાઈ દેસાઈ અને પૂર્વાબેન દેસાઈ (અમેરિકા) દેખાય છે. બંને ભાઈબેને, પોતાના અંગત મોજ-શોખ છોડીને, પોતાના વેકેશનનો સમય, ગુરુદેવના અમેરિકાના કાર્યક્રમોમાં, ગુરુદેવને મદદગાર થવામાં કર્યો. ધન્ય છે તેમને, તેમના માતા અરવિંદાબેનને તથા પિતા ભરતભાઈ દેસાઈને. તેમના પરિવાર ઉપર ઓમ્‌પરમાત્માની કૃપા ઉતરી કહેવાય. સાચી સમજણની પ્રાપ્તિ તેનું નામ જ કૃપા.

## -: ઓમ્ પરિવારના કાર્યક્રમ :-

(૧)૨૬-૧૨-૯૩- રવિવાર- નિર્વિકલ્પમુક્તિધામ મુ. પો. પલિયડ (વેડા), તા. કલોલ, જી. મહેસાણા.

(૨)૧૩-૩-૯૪ -રવિવાર- કેદારેશ્વર. તા. કપડવંજ, જી. ખેડા.

# ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

નવેમ્બર-ડિસે.-જાન્યુ. (ત્રીમાસિક)

VOL-III (93-94) ISSUE-III માનદ્ તંત્રી : નૈષધ વ્યાસ


## શાંતિ

### (પાતંજલ યોગદર્શન - સાધનપાદ)

- યોગભિક્ષુ

તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનને ક્રિયાયોગ કહે છે. ક્રિયાયોગ સમાધિની પ્રાપ્તિ માટે અને ક્લેશોને તનુ(પાતળા) કરવા માટે છે. ક્લેશો પાંચ પ્રકારના છે; અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. ઉપરોક્ત ક્લેશોને પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર નામ-વાળી ચાર અવસ્થાઓ છે અને તેમનું ક્ષેત્ર અવિદ્યા છે. આ ક્લેશોનો નાશ 'ધ્યાન'થી કરવો.

ઉપરોક્ત વાતોને આપણે ખૂબ વિસ્તારપૂર્વક સમજ્યા. હવે ક્લેશોનું મૂળ શું છે, ક્યાં છે તે વાતને સમજીએ.

**ક્લેશમૂલઃ કર્માશયો દૃષ્ટાદૃષ્ટ જન્મવેદનીયઃ ॥૧૨॥**

**ભાવાર્થ :-** ગત જન્મ અને વર્તમાન જન્મની વાસનાઓ ક્લેશોનું મૂળ છે.

**વિસ્તાર :-** ક્લેશો માટેની વાત અત્યાર સુધી આપણે કરી પણ આખરે આ ક્લેશોનું મૂળ શું છે, ક્યાં છે તે જાણવું જોઈએ.

ક્લેશોનું મૂળ દૃષ્ટ અને અદૃષ્ટ જન્મની વાસનાઓથી બંધાતું કર્માશય છે. દૃષ્ટ અને અદૃષ્ટ એમ આપણા અનેક જન્મો થઈ ગયા. દૃષ્ટ જન્મ એટલે વર્તમાન જન્મ. અદૃષ્ટ એટલે આપણે જેને જોઈ શકતા નથી તેવો આપણો ગત જન્મ. આપણા વર્તમાન જન્મની અને ગત જન્મોની જે વાસનાઓ અને તે વાસનાઓથી બંધાયેલું જે કર્માશય, તે આ ક્લેશોનું મૂળ છે. જન્મતી વખતે આપણે આપણી સાથે આપણું કર્માશય લાવીએ છીએ. તેમાં સૂક્ષ્મરૂપે દૃષ્ટ-અદૃષ્ટ જન્મની વાસનાઓ અને સંસ્કારો એકઠાં થાય છે અને થયેલાં હોય છે.

કર્મ+આશય=કર્માશય અર્થાત્ કર્મનો ભંડાર, કર્મનો આગાર. દરેક જીવની સાથે કર્માશય સૂક્ષ્મ રીતે લાગેલું હોય છે. આ શરીર છૂટી જાય છે ત્યારે તો જે કાંઈ સ્થૂળ આપણી પાસે હતું તે અહીં રહી ગયું. મૃત્યુ સમયે તો સ્થૂળ શરીર કે જે આપણી પાસે ને પાસે હતું તે પણ સાથે આવ્યું નહીં, તે પણ અહીં જ પડી રહ્યું. તો આગળના જન્મોમાં સાથે શું આવ્યું ? તે કર્માશય કે જેમાં તમામેતમામ, સંપૂર્ણ સૂક્ષ્મ જગત ભરેલું હતું,

સૂક્ષ્મ સંસ્કારોથી જે ભરપૂર હતું તે આગલા જન્મમાં સાથે આવ્યું. તો આમ, ક્લેશોનું મૂળ શું છે? દૃષ્ટ-અદૃષ્ટ જન્મની વાસનાઓથી ભરેલું કર્માશય.

ચાલુ જન્મમાં આપણે જે કાંઈ કરી રહ્યાં છીએ તે પણ કર્માશયમાં સૂક્ષ્મ રીતે ભેગું થઈ રહ્યું છે. વીતી ચૂકેલા જન્મોના પણ તેમાં સંસ્કારો ભરેલા છે. હવે પછીનો જન્મ કે જે અદૃષ્ટ એટલે કે જે અનુભવ્યો નથી અને જોયો નથી એવો જન્મ, તે વખતે પણ કર્માશય સાથે આવવાનું. આ રીતે દૃષ્ટ અને અદૃષ્ટ જન્મની વાસનાઓથી જે કર્માશય બંધાયું છે તે, પાંચ પ્રકારનાં ક્લેશોનું મૂળ છે.

**સતિ મૂલે તદ્વિપાકો જાત્યાયુર્ભોગાઃ ॥૧૩॥**

**ભાવાર્થ :-** તે (કર્માશય રૂપી) મૂળના રહેવાથી જાતિ, આયુષ્ય અને ભોગરૂપી ફળોનો પાક ઊતરે છે.

**વિસ્તાર :-** દૃષ્ટ અને અદૃષ્ટ જન્મની વાસનાઓ રૂપી મૂળના રહેવાથી તેનો વિપાક શું? તેનાં ફળો ક્યાં ઊતર્યાં ? ફળો કેવાં પાક્યાં ? "જાત્યાયુર્ભોગાઃ" - જાતિ, આયુષ્ય અને ભોગ નામનાં ફળો થયાં. જ્યારે કર્માશય અને વાસનાઓ રહે છે ત્યારે ઉપરોક્ત ત્રણ ફળોની પ્રાપ્તિ થાય છે. જો કર્માશય જ ન હોત, જો વાસનાઓ જ ન હોત તો "કૈવલ્ય" (મોક્ષ, મુક્તિ) હતું. તો પછી શરીર ધારણ કરવાપણું નહોતું. અને શરીર ધારણ કરવાપણું ના રહે તો પછી બાકી શું રહ્યું? પછી ક્યાં સુખ કે ક્યાં દુઃખ ? કશું જ ક્યાંય ના મળે. પછી કેવળ 'અપનેમેં મસ્ત' થઈ જવાય, પછી 'તદા દ્રષ્ટુઃ સ્વરૂપેઅવસ્થાનમ્' થઈ જવાય, આત્મા સ્વ-રૂપમાં સ્થિર થઈ જાય.

પરંતુ બુદ્ધિની મંદતાને કારણે હજુ આપણે શરીર ના હોય તેવી સ્થિતિને ઇચ્છતા નથી, કલ્પતા નથી. આ તો ઘણી બધી ઊંચી વાત થઈ. સામાન્ય મનુષ્યો તો આ સ્થિતિને ઇચ્છે પણ નહીં. આ સ્થિતિની મજાની, આ સ્થિતિના આનંદની તેમને કલ્પના પણ ના આવે. આ સ્થિતિમાં શરીર પણ નહીં. તેથી, શરીરના અધ્યાસવાળા મનુષ્યને શરીર ન હોય એ કેમ પરવડે ? તે તો શરીર જ ઇચ્છતો હોય. શરીરને ઇચ્છી અને ફરીને પાછા આ રાગ-રગડા ચાલુ - સુખ અને દુઃખ, આઘાત અને પ્રત્યાઘાત, હર્ષ અને શોક, ખાવું-પીવું અને જાજરૂ જવું, નહાવું અને ધોવું; બચપણ, જુવાની અને બુઢાપો. આમ, આ એક ચક્કર ચાલુ. તેને તો આમાં જ પડવાનું ગમ્યા કરે. તે ચકરાવામાંથી છુટાય ક્યારે ? શરીર જ ન હોય ત્યારે. શરીર વિનાની સ્થિતિ એટલે ફક્ત 'સ્વ'ની સ્થિતિ 'પર'ની હાજરી જ નહીં. આ સ્થિતિ સમજાય જ ક્યાંથી? અને સમજાયા પછી પણ ગુરુજનોના સતત સંપર્કમાં ના રહીએ ત્યાં સુધી તે ગમે જ ક્યાંથી ? કેમ ન ગમે ? કારણ કે અત્યારે આપણે શરીરધારી છીએ; શરીરના અધ્યાસવાળા છીએ, દેહાધ્યાસવાળા છીએ. દેહ, દેહ, દેહ; શરીર, શરીર, શરીર; ભોગ, ભોગ, ભોગ. શરીરના ભોગ, સ્થૂળ ભોગ; તેમાં જ મજા માણી રહ્યાં છીએ. સાચી વસ્તુની કિંમત આપણને સમજાઈ નથી - જેમ વિષ્ટાનો કીડો વિષ્ટામાં જ મજા કરે છે. વિષ્ટાના કીડાનું એક સુંદર દૃષ્ટાંત છે. તેને સમજીએ.

બે કીડા હતા. બંને ભાઈબંધ હતા. એક કીડો રહેતો હતો સાકરના પર્વત ઉપર. સાકરમાં જ તેનું ઘર. સાકરમાં જ તેને રહેવાનું. સાકર જ તેને ખાવાની. તે સાકર જ. તેને બીજું કાંઈ નહીં; બસ સાકર, સાકર અને સાકર. જ્યારે બીજો કીડો રહેતો હતો વિષ્ટામાં. વિષ્ટામાં જ તેનું ઘર. વિષ્ટા જ તેને ઓઢવાની, વિષ્ટા જ તેને પહેરવાની. વિષ્ટામય, દુર્ગંધમાં જ તેને મોજ. ક્યારેક ક્યારેક પ્રસંગવશાત્ તે કીડો વિષ્ટામાંથી બહાર નીકળે ત્યારે પેલો સાકરનો કીડો પણ બહાર નીકળ્યો હોય. તે બંને પોતપોતાના પર્વત ઉપરથી નીચે ઊતરે ત્યારે બંનેનો ભેટો થઈ જાય. આમ અવારનવાર મળવામાં બંને વચ્ચે ભાઈબંધી બંધાણી. સાકરના કીડાને તો આ વિષ્ટામાં રહેનારા કીડા સાથે બહુ ફાવે નહીં કેમકે તેનામાંથી

બહુ દુર્ગંધ આવે, તે સહન કરી શકાય નહીં. એક દિવસ તેણે પેલાને પૂછ્યું, કીડાભાઈ, કીડાભાઈ, તમે ક્યાં રહો છો ? તમારું ઘર તો બતાવો ! તેથી એક દિવસ વિષ્ટાનો કીડો તે સાકરના કીડાને પોતાના ઘેર લઈ ગયો. વિષ્ટાનો ઢગલો બતાવ્યો. સાકરનો કીડો તો તે જોઈને ત્રાસી ગયો અને ત્યાંથી જલ્દી ભાગી છૂટ્યો. ઘેર ગયા પછી તે વિચારવા લાગ્યો કે આ મારા મિત્રને મારે વિષ્ટામાંથી જરૂર બહાર કાઢવો જોઈએ. જો વિષ્ટામાંથી, દુર્ગંધમાંથી, આવા અકલ્યાણમાંથી બહાર ન કાઢું તો મારી મિત્રતા લાજે. મિત્રની તો ફરજ છે કે કષ્ટમાંથી મુક્તિ અપાવવી, દુઃખમાંથી સુખમાં લઈ જવાનો પ્રયત્ન કરવો. તેના ભાગ્યમાં સુખ નહીં હોય તો નહીં મળે પણ મારે તો પ્રયત્ન કરવો જોઈએ. તેથી તેણે તો એક દિવસ સારો મોકો જોઈને વિષ્ટાના કીડાને મોજમાં લાવી આમંત્રણ આપી દીધું કે કીડાભાઈ, કીડાભાઈ, એક વાર તમે મારા ઘેર પધારોને ! હું તમારા ઘેર આવ્યો હતો, હવે તમે મારા ઘેર આવો. વિષ્ટાના કીડાભાઈ કહે, મને તો ક્યાંય બહાર નીકળવાનું ગમતું નથી, નીકળું છું તોય મને મારું ઘર યાદ આવે છે અને તેથી જલદી ઘરભેગો થઈ જાઉં છું. તેનો મિત્ર કહે કે એક વખત જરૂર આવો, મારું માન રાખો. પેલો કહે સારું. તમારા ઘરે હું પરમ દિવસે આવીશ. બંને છૂટા પડ્યા. પોતાના ઘેર જઈ વિષ્ટાનો કીડો વિચાર કરવા લાગ્યો કે પરમ દિવસે મારે મારા મિત્રને ત્યાં જવું પડશે અને ત્યાં મારો વિષ્ટાનો પર્વત નહીં હોય, મારું ઘર નહીં હોય, ત્યાં હું ખાઈશ શું ? તેણે તો અત્યારથી જ પાંખોમાં વિષ્ટા ભેગી કરવા માંડી. પાંખોમાં, મોઢામાં અને નાકમાં જેટલી વિષ્ટા ભરાય તેટલી વિષ્ટા ભરી લીધી.

નક્કી કરેલા દિવસ અને સમય મુજબ સાકરનો કીડો આને તેડવા આવ્યો. પોતાની પીઠ પર બેસાડીને તે તેને પોતાના ઘેર લઈ ગયો. સાકરના આખા પર્વત ઉપર તેને ફેરવ્યો. બે દિવસ સુધી તેને આનંદ કરાવ્યો. જતી વખતે તેને પૂછ્યું કે કહો, કેવી મજા આવી ? તમારા વિષ્ટાંના ઘરમાં આવી મજા આવે છે ? મારા સાકરના નગરમાં કેવો આનંદ, કેવો સ્વાદ અને કેવી સુગંધ હતી ? વિષ્ટાનો કીડો કહે કે ભાઈ, મને તો કાંઈ જ નવું ન લાગ્યું, મારા ઘરે લાગે છે એવું જ મને અહીં પણ લાગ્યું. તું બહુ વખાણ કરતો હતો કે મારો સાકરનો પર્વત આવો છે અને તેવો છે, પણ મને તો કાંઈ જુદું લાગ્યું નહીં. આ સાંભળીને સાકરનો કીડો તો વિચારમાં પડી ગયો કે આને સાકરના પર્વતમાં પણ વિષ્ટા જેવું જ કેમ લાગ્યું ? તેથી તેણે તપાસ કરવા માંડી તો પેલાની પાંખોમાંથી એક વિષ્ટાની ગોળી મળી આવી કે જે હજુ બચી ગયેલી હતી. તેણે પૂછ્યું કે આ શું છે ? પેલાએ કહ્યું કે આ તો મારો ખોરાક છે કે જે હું મારી સાથે લાવ્યો હતો; મને તમારો ખોરાક ભાવે કે ન ભાવે, ફાવે કે ન ફાવે તેથી હું તો ઘણી બધી વિષ્ટા મારી જોડે લાવ્યો હતો. હવે એક ગોળી બાકી રહી છે. હવે મને જલદી મારા ઘર ભેગો કરો. આ ગોળી પણ પૂરી થઈ જશે તો હું ખાઈશ શું ? પેલાએ તો આને ઉપાડ્યો અને વિષ્ટાના ઢગલામાં પાછો પહોંચાડી દીધો. સાકરનો કીડો ઘેર પાછો આવીને વિચારવા લાગ્યો કે મારે આને જલસા કરાવવા હતા, સાકરનો સ્વાદ ચખાડવો હતો પણ આ કરમભમરાળો, મંદભાગી - જેમ સૂરજ ઊગે પણ આંધળો સૂરજને જોઈ શકતો નથી તેમ આ મંદભાગી - સાકરના પર્વત ઉપર આવ્યો તોય સાકરના સ્વાદને માણી ના શક્યો કારણ કે સાથે વિષ્ટાની ગોળી લેતો આવ્યો હતો. તેથી, રહ્યો હતો સાકરના પર્વત ઉપર પણ ખાતો હતો વિષ્ટા જ !

તેવી રીતે, જેમને દેહાધ્યાસ થઈ ગયો છે તે તેને જ માંગે છે; તે "કૈવલ્ય"ને માંગી મોક્ષમાં જવા ઇચ્છતો જ નથી. ગુરુજનોના સંપર્કમાં ખૂબ રહે અને તેનો દેહનો અધ્યાસ છૂટે, સાચો આનંદ શામાં છે તેની અને તેની કિંમતની ખબર પડે ત્યારે તે દેહ સિવાયના આનંદને ઇચ્છે.

મૂળના રહેવાથી તેનો વિપાક શું છે ? જાતિ, આયુષ્ય અને ભોગ. દૃષ્ટઅદૃષ્ટ જન્મની વાસનાઓથી શેની પ્રાપ્તિ થઈ ? જાતિ, આયુષ્ય અને ભોગની. કારણકે જન્મ મળ્યો એટલે કે શરીર મળ્યું તો, શરીરની સાથે શું શું હોય ? કોઈ જાતિ હોય. ચાહે તે મનુષ્યની જાતિમાં જન્મે કે પશુની જાતિમાં જન્મે કે પક્ષીની જાતિમાં જન્મે. જો ઉપરોક્ત વિભાગ લઈએ તો આ ત્રણ જાતિ થઈ. પણ જો મનુષ્યની અંદર જાતિ ગણીએ તો તેનો અર્થ નર અથવા નારી જાતિ પણ થાય, નર-નારીમાં પણ ગુણ અને કર્મ (કાર્ય-પ્રવૃત્તિ) પ્રમાણે ચાર જાતિ (વર્ણ) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર; એવો અર્થ પણ થઈ શકે. ગીતામાં પણ કહ્યું છે કે "ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ" અતિ પ્રાચીન એવું યોગદર્શન, તેમાં પણ "જાતિ" શબ્દ આવ્યો છે. અને ગીતામાં "વર્ણ" શબ્દ છે. આના ઉપરથી સત્યના શોધકો અને વિચારકો ઘણાં બધાં તથ્યોને અને રહસ્યોને બહાર લાવી શકે તેમ છે. જેવા અને જેટલા પ્રકારના ભોગો અને આયુષ્ય નક્કી થયાં હોય તેને અનુરૂપ જ જાતિમાં આવવાનું થાય. તો જ તે પ્રમાણેના આયુષ્ય અને ભોગ ભોગવી શકાય.

સતિ મૂલે = મૂળના રહેવાથી, એ કર્માશયરૂપી, વાસનારૂપી મૂળના રહેવાથી, તેના ઉપર ફળ શું લાગ્યાં? તેનો પાક-વિપાક શો ઊતર્યો ? જાતિ, આયુષ્ય અને ભોગ. અને જાતિ, આયુષ્ય અને ભોગરૂપી ફળની પ્રાપ્તિ થવાથી તે જાતિ, આયુષ્ય અને ભોગમાં તે શરીર દ્વારા શું શું થતું રહ્યું ?

**તે હ્લાદપરિતાપ ફલાઃ પુણ્યાપુણ્યહેતુત્વાત્‌॥૧૪॥**

**ભાવાર્થ :-** તે (જાતિ, આયુષ્ય અને ભોગ)માં પુણ્ય અને પાપ થતાં રહેવાના કારણે તેનું ફળ હર્ષ અને શોક રૂપે મળે છે.

**વિસ્તાર :-** તે જાતિ, આયુષ્ય અને ભોગમાં પુણ્ય અને પાપ થતાં રહ્યાં. તે શરીર દ્વારા પછી શું થતું રહ્યું ? આત્માને-જીવાત્માને જ્યારે શરીરની પ્રાપ્તિ થાય છે ત્યારે તે શરીરથી શું થતું રહે છે ? પુણ્ય અને પાપ થતાં રહે છે. અને પુણ્ય અને પાપના કારણે શાની પ્રાપ્તિ થાય છે ? આહ્‌લાદ અને પરિતાપની, એટલે કે હર્ષ અને શોકની પ્રાપ્તિ થાય છે. જ્યારે શરીરની પ્રાપ્તિ થાય છે ત્યારે તેના દ્વારા પુણ્ય અને પાપ થતાં રહે છે. અને પુણ્ય અને પાપના કારણે હર્ષ અને શોકની પ્રાપ્તિ થયાં કરે છે. કોઈ મનુષ્ય એમ ઇચ્છે કે ભલે દેહ ધારણ કર્યો પણ મારે પાપકર્મ તો કરવાં જ નથી. મારે તો સતત પુણ્યકર્મો જ કરવાં છે. તેથી તે સાવધાન થઈ જાય, સતર્ક રહે, હોશિયાર રહે અને પુણ્ય અને પવિત્ર કાર્ય કરવાનો જ પ્રયત્ન કરતો રહે. તોય પણ જો શરીર ધારણ કર્યું છે તો તેના દ્વારા પાપ થઈ જ જવાનું. ભલે તે ઇચ્છે કે મારે પાપ તો કરવું જ નથી તો પણ ફરજિયાત, અનાયાસ અમુક પાપો તો થઈ જ જવાનાં.

જેમકે આપણે દેહધારીએ એવો નિર્ણય કરી લીધો કે મારે હવે પાપ તો કરવું જ નથી, પુણ્યો જ કરવાં છે. તો પણ, અહીંથી ચાલીને આપણે મહાદેવજીનાં દર્શન કરવા જઈશું કે સ્નાન કરવા જઈશું કે અહીંથી આઘાપાછા થઈશું ત્યારે આપણા પગ તળે કેટલા જીવો મરે છે?! એમ વિચારીએ કે ચાલવું પડે છે તેથી ચાલવાના કારણે આ જીવો મરે છે; પણ ચાલીએ નહીં અને બસમાં બેસીએ તો પણ બસનાં પૈડાંની નીચે કેટલા બધા જીવો મરે છે ?! તે બધું પાપ આપણને ના લાગે ? પાપ તો લાગે જ . આપણે ઇચ્છતા નથી પાપ કરવાનું છતાંય પાપ કરવું પડે છે, પાપ આપણે હાથે થઈ જાય છે; કારણકે આપણે જીવવું છે. જેણે જીવવું છે તેણે ખાવું પડશે, પીવું પડશે, કપડાં પહેરવાં પડશે, આઘુંપાછું થવું પડશે અને તે બધામાં જાણ્યેઅજાણ્યે પાપ થયાં જ કરશે. અહીંથી આપણે આઘાપાછા થઈએ તોય જીવો મરે, હિંસા થાય અને તેથી પાપ લાગે. નક્કી કરીએ કે આપણે બસમાં નથી બેસવું , આપણે બીજે ગામ પણ નથી જવું, આપણે આપણા ઘરે જ રહેવું છે; તોય

ઘરમાં પણ આઘાપાછા થવું પડશે, રાંધવું પડશે, ખાવુંપીવું પડશે. એમ નક્કી કરીએ કે આપણે રાંધવુંય નથી, ખાવુંપીવુંય નથી અને એક જગ્યાએ બેસી જ રહેવું છે, બેસી જ રહીશ; જો કે બેસી ના રહેવાય અને છતાં બેસી રહીએ તો શ્વાસપ્રશ્વાસ તો લેવા-મૂકવા પડે ને ? આપણા પ્રશ્વાસમાંથી પણ એટલું બધું ઝેર નીકળે છે કે, ચોવીસ કલાકમાં એક મનુષ્ય એટલું બધું ઝેર બહાર ફેંકે છે કે તેનાથી વીસ હાથીઓ મરી જાય ! આ, વિજ્ઞાનની ગણતરી છે.

આ રીતે આપણે બહારના વાતાવરણને સતત દૂષિત કરતાં જ રહીએ છીએ. અને તે ઝેરથી વાતાવરણની અંદર રહેલા અનેક સૂક્ષ્મ જીવો મરી જાય છે. પ્રાણવાયુ કે જે ભગવાને આપણને મફત આપ્યો છે, તે વાતાવરણના મહાસાગરમાં હિલોળા લઈ રહ્યો છે. તે મહાસાગરમાંથી આપણે તે પ્રાણને શ્વાસ દ્વારા આપણામાં ખેંચીએ છીએ. તે પરમ પવિત્ર પ્રાણદાયી પ્રાણવાયુને અંદર લઈને મહાભયંકર ઝેરી બનાવીને આપણે પ્રશ્વાસ દ્વારા બહાર ફેંકીએ છીએ. આમ, ચોવીસે કલાક, બારે મહિના અને આખી જીંદગી કરતાં જ રહીએ છીએ. આમ, આપણે આપણા પ્રશ્વાસ દ્વારા વાતાવરણને સતત અપવિત્ર બનાવતા રહીએ છીએ, હિંસા કરતા રહીએ છીએ, પાપ કરતા રહીએ છીએ.

જે મનુષ્યે એવો નિર્ણય કરી લીધો છે કે મારે સતત પુણ્યો જ કરવાં છે તેના હાથે પણ અમુક પાપ તો થતાં જ રહે છે. પરંતુ જેણે આવો નિર્ણય કર્યો નથી તેનાં પાપોની તો શી ગણતરી કરી શકાય ? તેથી મહાપુરુષોએ, યોગીજનોએ "કૈવલ્ય"ની ઇચ્છા કરી છે. શરીર જ ન જોઈએ. જો શરીર હોય તો આ બધું કરવું પડે ને ? પાકો નિર્ણય કરી લે કે મારે પાપ નથી કરવાં તોય પાપ થઈ જાય છે અને તે પાપનું ફળ દુઃખ ભોગવવું જ પડે છે, તેમાં છૂટકો જ નથી થતો. પણ જેણે આવો નિર્ણય નથી કર્યો તેના હાથે તો કેટલાં પાપો થઈ જતાં હશે !? અને તે પાપોના ફળરૂપે તેણે અનંત દુઃખ ભોગવવું પડશે. શરીરધારી માટે દુઃખની કોઈ સીમા રહી ? કેટલાં દુઃખ ભોગવવાં પડશે ?

જેણે એવો નિર્ણય કર્યો હશે કે મારે પાપ નથી જ કરવું તેના હાથે નાછૂટકાનાં જ, જીવવા માટેનાં જ, ફરજિયાત કરવાં પડે એવાં જ પાપો થશે; તેથી તેના જીવનમાં અતિ અલ્પ પાપો જ થશે અને તેથી અતિ અલ્પ દુઃખો ભોગવવાં પડશે. અને જ્યારે દુઃખ આવી પડશે ત્યારે તે જ્ઞાની, તે વિવેકી પુરુષ કે જે કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતોને જાણે છે, તે દુઃખને હિંમતથી ભોગવશે, તે દુઃખને ધીરજથી ભોગવવાનો પ્રયત્ન કરશે. કર્મનો તે કયો સિદ્ધાંત ? પાપનું ફળ દુઃખ છે અને પુણ્યનું ફળ સુખ છે તે. પાપથી જે કાંઈ દુઃખો મળે છે તે પણ કાયમ નથી રહેવાનાં અને પુણ્યથી જે કાંઈ સુખો મળે છે તે પણ કાયમ નથી રહેવાનાં. દુઃખો અને સુખો પોતાનો સમય પૂરો થતાં ચાલ્યાં જશે.

તો, જ્યારે જીવનમાં આવાં દુઃખો આવી પડે છે ત્યારે, કર્મના આવા સિદ્ધાંતની જેને ખબર છે તે ધીરજ રાખી, હર્ષપૂર્વક તે દુઃખોને ભોગવવાનો પ્રયત્ન કરે છે. એ વિચારે છે કે હું થોડા સમય પહેલાં સુખ ભોગવતો હતો. તે સુખ જેમ ચાલ્યું ગયું, તેવી જ રીતે હાલનું દુઃખ પણ ચાલ્યું જશે. આ દુઃખની મુદત પૂરી થતાં, આ દુઃખને મારે વધુ એક પણ ક્ષણ રોકવું હશે તોય નહીં રોકાય. તેમ કર્મના સિદ્ધાંતનો વિચાર કરીને દુઃખ વખતે ધીરજ રાખી દુઃખને ભોગવી લે છે અને દુઃખ પૂરું થતાં તે પાછો સુખમાં આવી જાય છે. જેને આવા સૂક્ષ્મ સિદ્ધાંતની ખબર નથી તેને જ્યારે દુઃખ પડે છે ત્યારે તે દુઃખથી વિહ્વળ થઈ જાય છે, તે ધીરજ ખોઈ બેસે છે અને તે દુઃખમાંથી અતિ શીઘ્ર મુક્ત થવા માટે અશાસ્ત્રીય ઉપાયોનો સહારો લે છે, ખોટાં કર્મોનો આશરો લે છે. તેને પણ એક દૃષ્ટાંતથી સમજીએ.

એક મનુષ્યે ચોરીરૂપી, હિંસારૂપી ખોટું કામ કર્યું અને પછી પકડાયો. તેને સજા થઈ. છ મહિનાની જેલ પડી. તેને ખોટાં કર્મોના ફળરૂપી દુ:ખ, સજાની પ્રાપ્તિ થઈ. જો તે કર્મનો સિદ્ધાંત જાણતો હોત તો ધીરજથી આ સજાને ભોગવી લેત. તે વિચારત કે ખોટું કર્મ થઈ ગયું છે અને ખોટા કર્મથી આ દુ:ખરૂપી સજાના ફળની પ્રાપ્તિ થઈ છે. છ મહિના પૂરા થતાં આ સજારૂપી દુ:ખ ચાલ્યું જશે, તે રહેશે નહીં. આમ, શાંતિથી શુભ કાર્યોમાં છ મહિનાની જેલને તે પૂરી કરી નાખત. પણ જેને કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતની ખબર નથી તે જેલમાંથી જલદી છૂટવા માટે ખોટા ઉપાયોનો આશરો લે છે, એટલે કે છ મહિના પહેલાં જ જેલમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરે છે. સળિયા તોડીને કે ચોકીદારને મારીને ભાગી જવાનો પ્રયત્ન કરે અને જો મોકો મળે તો તોડીફોડીને ભાગી પણ જાય. પણ સરકારના હાથ તો ઘણા મજબૂત છે, કાયદાનો હાથ ઘણો લાંબો છે. સરકારના માણસો તેની શોધખોળ કરીને તેને શોધી કાઢે અને ફરી પાછો જેલમાં નાખે. પણ પહેલાં જે છ મહિનાની જેલ હતી તે હવે પાંચ વર્ષની થઈ ગઈ. છ મહિનાની જેલને જો સારી રીતે , ધીરજપૂર્વક ભોગવી લીધી હોત તો તે છ મહિને છૂટી જાત. પણ તેણે બીજું પાપ કર્યું. એક પાપમાંથી જલદી મુક્ત થવા માટે તેણે બીજું પાપ કર્યું. અશાસ્ત્રીય કર્મોનો એટલે કે બીજા પાપનો આશરો લઈ મહાપાપ કરી જેલની સજા પાંચ વર્ષની કરી નાખી. વળી ફરીને છૂટવા એણે ખોટાં સાધનોનો આશરો લીધો અને ભાગ્યો અને ફરીને પકડાયો. હવે જન્મટીપ થઈ. જન્મટીપની સજામાંથી જલદી છૂટવાને માટે બે ચાર પોલીસોને મારીને ભાગ્યો અને ફરી પાછો પકડાયો અને તેને ફાંસીની સજા થઈ. આમ દુ:ખની પરંપરાનો પાર ન રહ્યો. પણ કોને ? જેને કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતની ખબર ન હતી તેની આવી સ્થિતિ થઈ. પરંતુ જેને કર્મના સૂક્ષ્મ નિયમની ખબર હતી કે દુ:ખની મર્યાદા પૂરી થતાં દુ:ખ નહીં રહે તે નિરાંતે ધ્યેયપૂર્વક શુભ કાર્યોમાં અને શુભ વિચારોમાં દિવસો પસાર કરવા લાગ્યો. તેથી તેને પેલાની જેમ જન્મટીપની સજામાં ન આવવું પડ્યું.

તો આમ , જે મનુષ્ય વિવેકી અને ધૈર્યવાળો છે તેના જીવનમાં દુ:ખ આવી પડે છે ત્યારે તે દુ:ખને ધૈર્યપૂર્વક ભોગવી લે છે અને દુ:ખમુક્ત થઈ જાય છે અને જેને કર્મના સૂક્ષ્મ નિયમની ખબર નથી તે દુ:ખને વધારતો જ જાય છે. એક પાપમાંથી બીજામાં અને ત્રીજામાં એમ પાપ કરતો કરતો તે દુ:ખને વધારી મૂકે છે અને અનંત એવા દુ:ખના ચકરાવામાં પડી જાય છે. તો આમ, આપણે કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતની વાત ચૌદમા સૂત્ર દ્વારા સમજ્યા.

જાતિ, આયુષ્ય અને ભોગને આ રીતે સમજ્યા - કોઈ ને કોઈ જાતિ મળે અને તે જાતિને અનુરૂપ ભોગ અને આયુષ્યની પ્રાપ્તિ થાય. પરંતુ જાતિ, આયુષ્ય અને ભોગ કઈ રીતે પ્રાપ્ત થયાં? દેહની પ્રાપ્તિ દ્વારા , પરંતુ જો સૂક્ષ્મ વાસનાઓ કે કર્માશયો જ ન હોત તો તે જાતિ , આયુષ્ય અને ભોગવાળા દેહ દ્વારા પાપ અને પુણ્ય જ ન થાત અને જો તે પાપ અને પુણ્ય જ ન થાત તો તેના કારણે હર્ષ અને શોકની જે પ્રાપ્તિ થઈ તે પણ ન થાત.

જો તે દેહ ધારણ કરવાથી , તે દેહની પ્રાપ્તિથી આપણને સુખ મળતું હોય તો શા માટે શરીર ધારણ ન કરવું ? ચૌદમા સૂત્રમાં આવ્યું કે પુણ્ય અને પાપ દ્વારા આહ્‌લાદ- હર્ષ અને પરિતાપ- શોક, બંનેની પ્રાપ્તિ થાય છે. શોક તો આપણને નથી જોઈતો પરંતુ હર્ષ-આનંદ તો જોઈએ છે. દુ:ખ નથી જોઈતું પણ સુખ તો જોઈએ છે. અને તે સુખ આપણને દેહ દ્વારા મળી રહ્યું છે. તો આમ, જો દેહ ધારણ કરવાથી સુખ મળતું હોય તો દેહ શા માટે ધારણ ન કરવો ? જરૂર કરવો. પરંતુ આ રીતે મળતું સુખ પણ કેવું છે તેનો જવાબ પંદરમા સૂત્રમાં છે.

**પરિણામતાપસંસ્કારદુખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ**

દુઃખમેવ સર્વમ્ વિવેકનઃ ॥ ૧૫ ॥

**ભાવાર્થ :** વિવેકી જનો માટે તો તે સુખો પણ પરિણામદુઃખ , તાપદુઃખ અને સંસ્કારદુઃખ છે; અને ત્રિગુણની દૃષ્ટિએ પણ દુઃખ જ છે.

**વિસ્તાર :** દેહ ધારણ કરવાથી જે સુખ મળે છે તે કેવું છે ? વિવેકી જનો માટે તો તે પણ દુઃખ જ છે. સુખ સામાન્ય જનો માટે "સુખ" જ છે પણ જે તત્ત્વજ્ઞ પુરુષો છે, જે વિવેકીજનો છે, જે મોક્ષાર્થી અને મુમુક્ષુ છે તેમના માટે તો આ "સુખો" દુઃખો જ છે. વિવેકી જનો આ સુખને દુઃખમાં કઈ રીતે ઘટાવે છે ? કઈ રીતે દુઃખ તરીકે જુએ છે ? આ ત્રણ રીતે - પરિણામ, તાપ અને સંસ્કાર. તે સુખો વિવેકી જનોને પરિણામે દુઃખ લાગે છે, તાપની રીતે દુઃખ લાગે છે અને સંસ્કારની રીતે દુઃખ લાગે છે.

સામાન્ય મનુષ્યોને એમ થાય છે કે દેહ ધારણ કરવાથી સુખ મળે છે. કારણકે આ ચૌદમા સૂત્રમાં એ પ્રમાણે તો આવ્યું. તો તે સુખની પ્રાપ્તિ માટે શા માટે દેહ ધારણ ના કરવો. દેહથી સુખ તો મળે જ છે તો તે સુખ જરૂર ભોગવવું. પરંતુ વિવેકી જનોને તો આ સુખો પણ ઉપરોક્ત ત્રણ રીતે દુઃખો જ લાગે છે.

પરિણામદુઃખ એટલે શું ? વિવેકી જનો વિચાર કરે છે કે સામાન્ય જનોને મળતાં સુખો કેવાં છે ? પરિણામે દુઃખ છે. કોઈ એક સુખનો આપણે દાખલો લઈએ . તે સુખ પરિણામે દુઃખમાં કેવી રીતે પરિણમે છે ? જેમકે - એક શુદ્ધ અને સ્વચ્છ વસ્ત્ર આપણે પહેરીએ તો તેનું આપણને સુખ મળે છે. પરંતુ દરેક ક્ષણે તે શુદ્ધ વસ્ત્ર અશુદ્ધ થઈ રહ્યું છે, તે ચોખ્ખું વસ્ત્ર મેલું થઈ રહ્યું છે અને થોડા સમય પછી તે વસ્ત્ર ધોવાનું દુઃખ આવી જ પડવાનું છે. પહેરતી વખતે ભલે સુખ મળ્યું હતું પરંતુ તેનું પરિણામ તો દુઃખમાં જ આવવાનું છે. તો આ થયું પરિણામદુઃખ. અત્યારે સુખ લાગે પણ અમુક સમય પછી તેનું પરિણામ દુઃખમાં આવે .

તાપદુઃખ : જે સુખ સામાન્ય સંસારી જનોને સુખ લાગે છે; તે વિવેકી જનોને તાપદુઃખ લાગે છે. તાપદુઃખ એટલે તાપ-પરિતાપ આપી જાય તેવું. એક સુખ આપણે પ્રાપ્ત કર્યું. તે સુખને પ્રાપ્ત કર્યા પછી તે સુખ આપણી પાસેથી ચાલ્યું કેમ ન જાય તેના માટે આપણે પ્રયત્ન કરીએ, તેના માટે ખૂબ બુદ્ધિ ચલાવીએ, તેને આપણી પાસેથી કોઈ લઈ જવાનો પ્રયત્ન કરે તો તે લઈ જઈ ના શકે તેવી આપણે તૈયારી રાખીએ. તેમ છતાં કોઈ લઈ જાય તો ઘણી બળતરા થાય, ખૂબ પરિતાપ થાય. આમ એક સુખની આપણને જે પ્રાપ્તિ થઈ તે આપણી પાસેથી ચાલ્યું ન જાય અને આપણી પાસે સતત રહે તેના માટે આપણે જે કાંઈ કરવું પડે તે કરીએ અને એટલું કરવા છતાંય તે કોઈ ઝૂંટવી જાય તો આપણા મનમાં એક તાપ-પરિતાપ ઉત્પન્ન થાય તે તાપ જ સ્વયં એક દુઃખ છે. અથવા તો તે સુખ સતત આપણી પાસે જ રહે તેને માટે જે કાંઈ આપણે પ્રયત્ન કરવો પડે તેમાં જ પરિતાપ થાય તે સ્વયં જ એક દુઃખ છે. તેથી તે સુખ પણ "તાપદુઃખ" થયું કહેવાય.

સંસ્કાર દુઃખ : સંસ્કાર દુઃખ એટલે જે કાંઈ સુખો આપણે ભોગવીએ છીએ તે સુખના સંસ્કાર આપણા ચિત્ત ઉપર પડે છે. અને સંસ્કારથી એક વાસના બંધાય છે અને તે વાસના ફરીને એ સુખ ભોગવવા તરફ પ્રેરે છે, અને સુખ તરફ ખેંચે છે અને તેથી ફરીને આપણે પ્રયત્ન કરીને ત્યાં જઈએ છીએ. પ્રયત્નપૂર્વક સુખ ભોગવતાં ભોગવતાં આપણા ચિત્ત ઉપર તેના સંસ્કાર પડે છે અને તે સંસ્કારથી વાસના બંધાય છે. અને તે વાસના ફરી ફરીને પોતાના તરફ ખેંચે છે. આમ રેંટ જેવો એક ચકરાવો ઊભો થઈ જાય છે. સુખ અને સુખથી સંસ્કાર,

સંસ્કારથી વાસના અને વાસનાથી ફરીને તે સુખ તરફ ખેંચાવું. આ રીતે રેંટરૂપી એક પૂરા ચકરાવામાં પડી જવાય છે. તેથી વિવેકીજનોને તે સુખ પણ સંસ્કારરૂપી દુ:ખ જ લાગે છે.

દરેક સુખ ત્રિગુણની દૃષ્ટિએ પણ દુ:ખ છે. દરેક સુખ ત્રિગુણયુક્ત છે. ત્રિગુણ ક્યા ક્યા ? સત્ય, રજ અને તમ. એક ગુણની હાજરીમાં તે ગુણને પછાડી મારવા બીજા બે ગુણો ઘર્ષણ કરતા જ હોય છે. જે ગુણ ચાલતો હોય તે ગુણને ગૌણ બનાવી પ્રધાનપણે પોતે આવી જવા માટે બીજા બે ગુણો પ્રયત્ન કરતા જ હોય છે. આ રીતે ત્રિગુણમાં પણ ઘર્ષણ ચાલતું જ હોય છે. તે ઘર્ષણ પણ દુ:ખદાયક છે. તમામ સુખો ત્રિગુણમય જ છે. તેથી ત્રિગુણ તો રહેવાનાં જ. જ્યારે પણ સુખ આવશે ત્યારે તેમાં તે ત્રણ ગુણો તો હશે જ. તે ત્રણ ગુણમાં એક પ્રધાન હશે અને બીજા બે ગુણો ગૌણ હશે. જે બે ગુણો ગૌણ છે તે પ્રધાન થવા માટે ઘર્ષણ કરતાં રહેશે. ત્રિગુણનું ઘર્ષણ પણ દુ:ખ દે છે. તો આમ વિવેકી જનો માટે આ બધાં જ સુખો દુ:ખમય છે.

વળી જે વિવેકી હોય તે આવો પણ વિચાર કરે, કે અગ્નિમાં ઘીની આહુતિઓ પડે છે. તેથી અગ્નિ શાંત નથી થતો પરંતુ વધુનેવધુ પ્રજ્વલિત થાય છે. સુખો ભોગવવાથી ઇન્દ્રિયો તૃપ્ત નહિ થાય પણ વધુને વધુ ભોગો માંગશે, વધુને વધુ સુખોને ઇચ્છશે. વિવેકી જનો આવા વિચારો કરતા હોય છે કે આ બધાં જ સુખો અને દુ:ખો બંનેથી ઉપરામ થઈ જવું જોઈએ. દુ:ખો તો દુ:ખો છે જ અને સુખો કે જે સામાન્ય મનુષ્યને સુખો લાગતાં હતાં તે પણ વિવેકીજનોને દુ:ખો જ લાગ્યા. તેથી સઘળાં દુ:ખો અને સુખો, દુ:ખો જ છે. તે બંનેથી પર થઈ જવાનું છે. પર ક્યારે થઈ જવાય કે જ્યારે જાતિ, આયુષ્ય અને ભોગ (દેહ) જ ન હોય, ફક્ત "કૈવલ્ય" જ હોય, કેવળ 'સ્વ' હોય, કોઈ 'પર' ન હોય, ત્યારે આ તમામ સુખદુ:ખથી પર થઈ શકાય છે.

**(ક્રમશઃ)**

**("શાંતા" પુસ્તકમાંથી સાભાર )**

# ગંગેશ ગંગોત્રીની યાત્રાએ

**સંકલન : શેખર પટેલ**

**(ગતાંકથી ચાલુ )**

ઋષિકેશથી ઉત્તરકાશી તરફ જતાં ટેક્ષીમાં મને આગળની બેઠક ઉપર ડ્રાઇવર પાસે બેસવાનો પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ આદેશ કર્યો. પૂજ્યશ્રી, ગુરુધ્યાનભિક્ષુજી અને કાંતિભાઈ પાછળની બેઠકમાં બેઠા હતા. અમે ઋષિકેશ છોડ્યું અને મણિકૂટ પર્વત સુધી આવ્યા કે તરત જ ઠંડો પવન શરૂ થઈ ગયો. આજુબાજુનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્‌ભુત લાગતું હતું. ટેક્ષી આગળ ને આગળ દોડી રહી હતી. થોડા સમય બાદ મને સહેજ ઝોકું આવી ગયું. પૂજ્યશ્રીની મારા ઉપર નજર પડી અને મને ઢંઢોળીને કહ્યું કે "શેખરભાઈ ! ડ્રાઇવર સાથે બેસીએ ત્યારે ઝોકું ન ખવાય. હવે ગાડી ઊભી રહે એટલે તમે પાછળ આવી જજો." પૂજ્યશ્રીની કેટલી ચોકસાઈ!

લગભગ બે કલાક બાદ ધાસૂરા મુકામે અમે રોકાણ કર્યું. ગાડીમાંથી અમે ઊતર્યા કે તરત વરસાદનાં અમીછાંટણાં થયાં. જાણે મેઘરાજાએ પરમાત્મસ્વરૂપ ગુરુદેવનું અભિવાદન ન કર્યું હોય! ધાસૂરા રોકાઈને અમે થોડો નાસ્તો કર્યો, પૂજ્યશ્રીએ થોડાં ફળ ખાધાં. થોડો સમય વિશ્રામ લઈ અમે મુસાફરી શરૂ કરી. આ વખતે પૂજ્યશ્રીએ આગળ બેઠક લેતાં લેતાં કહ્યું કે "શેખરભાઈ હું આગળ બેસું છું. તમને પાછળ ફાવશેને? મને આગળ રાખો અને તમે નિરાંતે સૂઈ જાઓ."

પૂજ્યશ્રીએ રમૂજમાં કહેલી આ વાત કેટલી સચોટ હતી ! આપણા દરેક કાર્યમાં ગુરુદેવને આગળ ને આગળ રાખીએ તો આપણને કેટલી હૂંફ ! કેટલી નિરાંત!! કેટલી શાંતિ !!!

સાંજે લગભગ છ વાગ્યે અમે ઉત્તરકાશી પહોંચ્યા. કાલી કમલીવાળા બાબાના લોહીયા અતિથિગૃહમાં અમે ઊતર્યા. સૌએ હાથ-પગ ધોઈ, સામાન છોડી રસોઈની તૈયારી કરવા માંડી. રસોઈ તૈયાર થઈ એટલે પૂજ્યશ્રી જમ્યા. ત્યારબાદ અમે સૌએ જમી લીધું. જમ્યા પછી પૂજ્યશ્રી સાથે અમે સૌ આશ્રમના કાર્યાલયમાં ગયા. પૂજ્યશ્રીએ આશ્રમના મેનેજરને ઋષિકેશવાળા ભાઈએ લખી આપેલ ચિઠ્ઠી આપી. પરતું તે ચિઠ્ઠી ગંગોત્રીવાળા મેનેજર પર લખેલી હતી. મેનેજરે તે ચિઠ્ઠી વાંચીને કહ્યું કે "આ ચિઠ્ઠી તો ગંગોત્રી મુકામે આવેલ આશ્રમના મેનેજર ઉપર લખાયેલી છે, અમારા ઉપરની ચિઠ્ઠી હોય તો આપો."

ચિઠ્ઠી આપવામાં થયેલી ભૂલ એ ખરેખર આશીર્વાદ સમાન હતી. ઈશ્વર ક્યારેક કેવી સહાય કરી દે છે! ગંગોત્રીના મેનેજર ઉત્તરકાશીમાં જ હતા. તે કોઈ કારણસર બજારમાં ગયા હતા. અહીંના મેનેજરે કહ્યું કે "ગુરુદેવ, મેં પહેલી ચિઠ્ઠી વાંચી, ગંગોત્રીના મેનેજર પણ અહીં જ છે. તેમને લઈને રાત્રે હું આપને મળવા આવીશ." રાત્રે બંને મેનેજર પૂજ્યશ્રીને મળવા આવ્યા. લગભગ અડધો કલાક બેઠા. આનંદવિભોર થઈ ગયા. પૂજ્યશ્રીએ ગંગોત્રીના મેનેજરને કહ્યું " અમે બે-ત્રણ દિવસ પછી ગંગોત્રી આવવાના છીએ." મેનેજરે કહ્યું કે "અમારાં અહોભાગ્ય ! આપ સૌ જરૂરથી ગંગોત્રી પધારો." થોડી વાતચીત બાદ તેમણે વિદાય લીધી.

પૂજ્યશ્રીએ ઉત્તરકાશીની માહિતી આપતાં કહ્યું " ઉત્તરકાશી ગંગોત્રીથી ૪૫ માઈલ દૂર ભાગીરથીને જમણે કિનારે સમતલ જમીન ઉપર આવેલ છે. દક્ષિણમાં ગંગાજી, ઉત્તરમાં અસિગંગા, પશ્ચિમમાં વરુણા નદી. એની પૂર્વ તરફ કેદારઘાટ અને દક્ષિણ તરફ મણિપુનિતઘાટ આવેલાં છે. મધ્યમાં વિશ્વેશ્વરનું મંદિર છે. ગોપેશ્વર, કાલભૈરવ, પરશુરામ, દત્તાત્રેય, જડભરત અને ભગવતી દુર્ગા વગેરેનાં પુરાતન મંદિરો અહીં આવેલાં છે. ગંગા નદીનો પ્રવાહ સામાન્ય રીતે ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી દક્ષિણ દિશામાં વહે છે. માત્ર આ સ્થાને જ આશ્ચર્યજનક રીતે ગંગાનો પ્રવાહ દક્ષિણથી ઉત્તર દિશામાં વહે છે. એટલે ઉત્તર દિશામાં વહેતા ગંગાના પ્રવાહને કાંઠે બનેલા આ સ્થાનનું નામ ઉત્તરકાશી પડેલું હોવું જોઈએ. ઉત્તરકાશી બે પર્વતની વચ્ચે એક પહોળી વિશાળ ખીણમાં વસ્યું છે. હિમાલયની તાજગીભરી હવા, પહાડી ઘઉંનું પૌષ્ટિક ભોજન અને ગંગાનું અમૃતજળ અહીંના વાસીઓને ખડતલ તાજગીભર્યા બનાવે છે. અહીંના રહેવાસીઓ ભાવિક છે. યાત્રાળુઓને સમજાવતાં કહેતા હોય છે કે સપાટ મેદાન પરની કાશી ભોગભૂમિ છે જ્યારે ઉત્તરકાશી યોગભૂમિ છે. કળિયુગમાં મુક્તિ અપાવનારી આ ઉત્તરકાશી જ છે. ઉત્તરકાશી ત્રણ નામોથી પ્રસિદ્ધ છે. ગંગાનો પ્રવાહ ઉત્તર તરફ વહેતો હોવાથી ઉત્તરકાશી, હવા અને સ્થાન સારાં અને સૌમ્ય છે તેથી સૌમ્યકાશી પણ કહેવાય છે, વરુણ નામના પર્વતમાંથી વહેતી વારુણી નદી અને અરુણ નામના પર્વતમાંથી વહેતી અસિ નદીનો અહીં સંગમ થાય છે તેથી વારાણસી તરીકે પણ ઓળખાય છે." આમ પૂજ્યશ્રીએ અમને ઉત્તરકાશીનો ઈતિહાસ જણાવ્યો. ત્યારબાદ પ્રણવવંદના ગાઈ અમે સૂઈ ગયા.

તા. ૧૨-૫-૯૦ ના રોજ હું સવારે વહેલો જાગી ગયો. શૌચકર્મથી પરવારી હું મારું લેખનકાર્ય કરતો હતો તેવામાં પૂજ્યશ્રી પોતાના રૂમનું બારણું ખોલી બહાર આવ્યા. વહેલી સવારે પરમાત્માનું દર્શન થયું હોય તેવો ભાવ મનમાં જાગ્યો અને હું ગદ્‌ગદ્ થઈ ગયો. ગુરુધ્યાનભિક્ષુજી પણ બહાર આવ્યા. પૂજ્યશ્રીએ અમે જેટલા જાગતા હતા તેમને કહ્યું, "ચાલો આપણે ફરવા જઈએ." ઊભા ઊભા જ હાથના ઈશારા વડે

દૂરના પુલને બતાવતાં પૂજ્યશ્રીએ કહ્યું. "પેલા પુલ ઉપર થઈને જવાનું છે. તમને ગંગાજીનાં દર્શન કરાવું. કુદરતની લીલા બતાવું."

આશ્રમની બહાર નીકળતાં જ પૂજ્યશ્રી ખૂબ ભાવપૂર્વક નીચેનો શ્લોક બોલ્યા-

**મંત્રાણાં પ્રણવઃ સેતુઃ**
**માંગલ્યં પાવનં ધર્મ્યં સર્વકામ પ્રસાધનમ્**
**ઓમકારઃ પરમં બ્રહ્મ સર્વ મંત્રેષુ નાયકમ્**

"સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે ઓમ્ પુલની સમાન છે, મંગળ કાર્ય હોય કે પવિત્ર કાર્ય હોય કે ધાર્મિક કાર્ય હોય તે સર્વે માટે ઓમ્ અચૂક ફળ આપનારો છે. ઓમ્ પરમબ્રહ્મ છે અને સર્વ મંત્રોમાં નાયક સમાન છે. સર્વ મંત્રના રહસ્યનો તાગ પામવા માટે ઓમ્કારને જાણવા અનિવાર્ય છે. તે માટે ઓમ્કાર સ્વરૂપ વિભૂતિ પણ તમારી સાથે છે.

"આ ગંગા પાર કરવા માટે પણ આપણે પુલનો આશ્રય લેવો પડશે. પુલ ઉપર થઈને જ આપણે સામે કાંઠે જઈ શકીશું. તેમ તમારે સૌએ પણ જીવનસરિતાના સામા કાંઠે જવું હશે તો સાચી સમજણના પુલ દ્વારા અમારા માર્ગદર્શનમાં ઝડપથી જઈ શકશો."

આટલી વાત કરી પૂજ્યશ્રી અમને આશ્રમ તરફથી ચાલતા અન્નક્ષેત્ર તરફ લઈ ગયા. ત્યાં અનેક સંન્યાસી અને સિદ્ધ પુરુષોનાં દર્શન કર્યાં. ત્યાંથી નીકળી અમે કાશીવિશ્વનાથના મંદિરે ગયા. મંદિરના પૂજારીએ શિવલિંગ ઉપર અભિષેક કરવા પૂજ્યશ્રીને ગંગાજળ આપ્યું. પૂજ્યશ્રીએ શિવલિંગ ઉપર, ગણપતિ અને પાર્વતીજીની મૂર્તિ ઉપર ગંગાજળથી અભિષેક કર્યો. મંદિરના ગર્ભદ્વારમાં જ અમે ગાયત્રીમંત્ર અને શિવમંત્રના વાચિક જાપ કર્યા. કાશીવિશ્વનાથ મંદિરની સામે શક્તિમંદિર આવેલું છે. તેમાં ૨૬ ફૂટ ઊંચું એક વિશાળ ત્રિશૂળ છે. પૌરાણિક માન્યતા પ્રમાણે દેવાસુર સંગ્રામ વખતે છૂટી ફેંકાયેલી તે શક્તિ છે. નીચે પિત્તળ અને ઉપરના ભાગમાં અષ્ટધાતુથી બનેલા આ ત્રિશૂળ ઉપર સંસ્કૃતમાં લેખ પણ છે. શક્તિમંદિરનું એ ત્રિશૂળ જોઈ અમે હનુમાનજીના મંદિરમાં ગયા. ત્યાં સંકટમોચન મંત્રનો વાચિક જાપ કર્યો .

હનુમાનજીના મંદિરમાં પૂજ્યશ્રીની સત્યાવીસ વર્ષ પહેલાં લીધેલી ઉત્તરકાશીની મુલાકાતની સ્મૃતિ તાજી થઈ ગઈ. પૂજ્યશ્રીએ અમને જણાવ્યું કે "સત્યાવીસ વર્ષ પહેલાં જ્યારે અમે અહીં આવેલા ત્યારે શ્રી રામાનંદજી મહારાજને તથા ગંગાના સામા કિનારે પથ્થરની ચાર દીવાલો ઊભી કરી તેમાં રહેતા દંડીસ્વામી શ્રી વિષ્ણુદત્તજીને મળેલા" આ વાત ચાલતી હતી ત્યાં શ્રી હરિહરાનંદજી સ્વામી પધાર્યા. તેમની પાસેથી પૂજ્યશ્રીએ થોડી વધુ જાણકારી મેળવી અને પોતાનાં ભૂતકાળનાં સંસ્મરણોને તાજાં કર્યાં. ત્યાંથી અમે ઉજેલી તરફ લક્ષેશ્વર મંદિર જોવા નીકળ્યા. રસ્તાની પૂરી જાણકારી નહોતી. આગળ વધતા હતા ત્યાં એક સંન્યાસી મળી ગયા. તેમનું નામ બળદેવાનંદજી હતું. તેઓ શ્રી રામાનંદજીના શિષ્ય હતા. પૂજ્યશ્રીએ કહ્યું " ઈશ્વર કેવી સહાય કરે છે ?! આપણે લક્ષેશ્વર મંદિરનો રસ્તો જોયો નથી તેથી ઈશ્વરે બળદેવાનંદજીને આપણી મદદે મોકલી આપ્યા."

પૂજ્યશ્રી બળદેવાનંદજીની સાથે ચાલતા ચાલતા ત્યાંની માહિતી મેળવતા જતા હતા. થોડા સમય બાદ અમે લક્ષેશ્વર મંદિર પહોંચી ગયા. બળદેવાનંદજી પણ ત્યાં જ રહેતા હતા. જગ્યા ખૂબ જ સ્વચ્છ અને પવિત્ર લાગતી હતી. અમે તેમની કુટિરમાં ગયા. પૂજ્યશ્રીએ બળદેવાનંદજીને પૂછ્યું, " અમે સાધના માટે અહીં આવીએ તો રહેવા દેશોને ?" સ્વામીજી કહે, "આપ કભી ભી આ સકતે હૈં, યહ આપકી હી કુટિયા હૈ. આપ તો હમારે ગુરુજી જૈસે હૈં." ત્યાં બીજા પણ ચારેક સ્વામીજી રહેતા હતા. પૂજ્યશ્રીએ તેમને થોડાં પુસ્તકો અને ઓમ્નું ચિત્ર તથા અગિયાર રૂપિયા પ્રસાદીરૂપે આપ્યા, જેનો તેમણે સ્વીકાર કર્યો. અમે લક્ષેશ્વર મંદિરનાં દર્શન કર્યાં. દંતકથા મુજબ અહીં પાંડવોને લાક્ષાગૃહ બનાવી

જીવતા બાળી મૂકવાનો પ્રયત્ન દુર્યોધન અને શકુનિ દ્વારા કરવામાં આવેલો. મંદિરની બહાર નીકળતાં જ સ્વામીજીએ રોકાવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે ફરી કોઈ વખત આવીશું, અત્યારે તો અમારે જવું પડશે. ત્યાંથી અમે સૌ અમારા નિવાસસ્થાને આવવા નીકળ્યા. રસ્તામાં કૈલાસઆશ્રમમાં ગયા. ત્યાનાં સંચાલકશ્રીએ પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું અને જણાવ્યું કે "મે-જૂન મહિના સિવાય આપ ગમે ત્યારે અહીં આવી શકો છો. આપના જેવા સંત પધારે એ કોને ન ગમે?" ત્યાંથી નીકળી અમે અમારા આશ્રમમાં પાછા આવી ગયા. બધા ખૂબ જ થાકી ગયા હતા છતાં પૂ. ગુરુદેવની અમીદૃષ્ટિ બધો થાક ઉતારી દેતી હતી. ઝડપથી દાળ, ભાત, શાક અને લાડુ બનાવી લીધા. બધા જમીને આરામ કરતા કરતા સૂઈ ગયા.

સાંજના સમયે પૂજ્યશ્રી તેમના રૂમમાંથી બહાર આવ્યા ત્યારે હું અને બિપિનભાઈ જ જાગતા હતા. પૂજ્યશ્રીએ મજાકમાં કહ્યું "બધા ઊંઘે છે તો ઊંઘવા દો. ઉત્તરકાશી જેવા પવિત્ર સ્થળમાં તેમને ઉઠાડવાનું મહાપાપ આપણે નથી કરવું. તમે બંને મારા રૂમમાં બેસો." અમે બંને પૂજ્યશ્રી સાથે તેમના રૂમમાં ગયા. મારું ચંચળ મન પૂજ્યશ્રીને એક પ્રશ્ન પૂછવા ઊંચુંનીચું થઈ રહ્યું હતું. મેં પૂછ્યું "ગુરુજી, પહેલાંના વખતમાં ઋષિમુનિઓ કેવી રીતે જીવન વ્યતીત કરતા હશે? સાંભળ્યું છે કે તેઓ ફળફળાદિ ખાઈને જીવતા પણ અહીં તો તેવું કાંઈ દેખાતું નથી !" સાંભળી પૂજ્યશ્રી લાક્ષણિક ઢબે હસ્યા અને કહ્યું "દરેક જગ્યાએ બધાં ફળ ન થાય તે ખરું પણ અહીં અમુક જગ્યાએ જાંબું તો અમુક જગ્યાએ સફરજન ખૂબ થતાં હોય છે. બીજાં પણ કેટલાંક ખાવાલાયક ફળ થાય છે." મેં બીજો પ્રશ્ન પૂછ્યો, "ગુરુજી યોગીજનો-સંતજનો ઇચ્છામૃત્યુવાળા હોય છે. તે વાત સાચી ? જ્યારે કાળ નજીક આવે ત્યારે તેઓ તેમનો જીવ યોગ દ્વારા બ્રહ્મરંધ્રમાં પહોંચાડી દે છે અને આ રીતે લાંબું જીવે છે તે સાચું ? " પૂજ્યશ્રીએ હકારમાં માથું હલાવી આ વાતની પુષ્ટિ કરી. અસ્તુ.

તા. ૧૩-૫-૯૦ ના રોજ સવારે નિત્યકર્મથી પરવારી અમે સૌ પૂજ્યશ્રી સાથે દેવસ્થાન તેમજ સંતોના દર્શનાર્થે નીકળ્યા. અન્નપૂર્ણા મંદિર, પરશુરામ મંદિર તેમજ ભૈરવનાથ મંદિર તથા ગોપાલેશ્વર મંદિરમાં દર્શન કરી અમે કોટેશ્વર મહાદેવનાં દર્શને ગયા.

કોટેશ્વર મહાદેવ ગંગાકિનારે આવેલું સ્વચ્છ અને અતિ પવિત્ર મહાદેવ છે. મંદિરમાં સાધકરૂપે રહેતા શ્રી ભિક્ષુશુદ્ધદેવ અમને મહંત શ્રી નારાયણસ્વામી પાસે લઈ ગયા. પૂજ્યશ્રી અને નારાયણસ્વામી - બંને વિભૂતિઓએ એકબીજાને જોતાં જ આત્મીયભાવે નારાયણ કર્યા. આ સ્થળ ખૂબ સ્વચ્છ અને સુંદર હતું. પૂજ્યશ્રીએ સ્વામીજીને કહ્યું " અમારે પાતંજલ યોગદર્શનના ત્રીજા પાદ વિભૂતિપાદની ટીકા લખવી છે, તો અમે તે કાર્ય અંગે અહીં રહી શકીએ?" સ્વામીજીએ કહ્યું,"પહલે આપ સાત-આઠ દિન રહો. અગર અચ્છા લગે તો ફિર આપ અપની મરજીકે મુતાબિક રહ સકતે હૈં." આટલી વાત બાદ ભિક્ષુશુદ્ધદેવ અમને આશ્રમ બતાવવા લઈ ગયા. ભિક્ષુશુદ્ધદેવ મણીનગર - અમદાવાદના છે. અહીં છ મહિનાથી સાધના અર્થે રહેલા છે. આખો આશ્રમ ધ્યાનપૂર્વક જોયા બાદ અમે નારાયણસ્વામી પાસે પાછા આવ્યા. તેમણે પલાળેલા ચણાની પ્રસાદી આપી.

કોટેશ્વર મહાદેવમાંથી નીકળી અમે યોગનિકેતન ગયા. ત્યાં શ્રી મુક્તાનંદજી હાજર હતા. ભૂતકાળની સ્મૃતિઓને વાગોળતા પૂજ્યશ્રીએ મુક્તાનંદજીને જણાવ્યું કે, "આજથી સત્યાવીસ વર્ષ પહેલાં અમે અહીં આવ્યા ત્યારે સ્વામી શ્રી યોગેશ્વરાનંદજીના શિષ્ય શ્રી જમનાનાથજીને અમે યોગ શિખવાડવા કહેલું. તેમણે વાત સ્વીકારી, પરંતુ થોડા દિવસમાં જ તેઓ અમને ઓળખી ગયા અને કહેવા લાગ્યા કે આપ સ્વયં યોગી હૈં, યોગસે પૂર્ણ હૈં, મૈં આપકો ક્યા યોગ સિખાઊંગા? "

મુક્તાનંદજી સાથેની વાતચીતમાં તેમણે ઉચ્ચારેલા કેટલાક ગુજરાતી શબ્દો સાંભળીને પૂજ્યશ્રીએ તેમને

પૂછ્યું કે તેઓ ગુજરાતી છે. તે ગુજરાતી હતા છતાં તેમણે સંકોચપૂર્વક ના પાડી. તેમનો નન્નો સાંભળતાં જ પૂજ્યશ્રીએ પોતાની ધારદાર વાણીમાં કહ્યું "ક્યા આપ અપની માઁ કો નહીં પહચાનોગે ? ફિર કિસકો પહચાનોગે?" તેમને થોડાં પુસ્તકોની ભેટ આપી, પૂજ્યશ્રી સાથે અમે સૌ ઉછેલી જવા નીકળ્યા.

રસ્તાની પૂરી જાણકારી નહોતી પરંતુ થોડું ચાલીએ ત્યાં જ હનુમાનમંદિરવાળા સ્વામી હરિહરાનંદજી મળી ગયા. તેમને મળતાં જ પૂજ્યશ્રી બોલી ઊઠ્યા "ઓમ્‌ભગવાને કેવું આયોજન કર્યું છે તે તો જુઓ ! કાલે લક્ષેશ્વર મંદિરે જતાં બળદેવાનંદજી મળેલા અને રસ્તો બતાવેલો અને આજે અહીં હરિહરાનંદજી મળી ગયા ! પ્રભુની કેવી કૃપા છે !" અમે દંડી સ્વામી શ્રી આત્માનંદજીની કુટિરે પહોંચ્યા. તેઓ રિટાયર્ડ આઇ.એ.એસ. અધિકારી હતા. આત્માનંદજીને પૂજ્યશ્રીએ નારાયણ કર્યા અને કહ્યું, " હમને આપકો વિક્ષેપ પહુંચાયા હૈ તો ક્ષમા ચાહતે હૈં. " આ સાંભળતાં જ દંડીસ્વામીએ કહ્યું, " ઇસમેં વિક્ષેપ કાયકા ! યહ સબ ઉસકા (પરમાત્માકા) કિયા હુઆ હૈ. ઉસને આપકો મેરે પાસ ભેજા હૈ ફિર વિક્ષેપ કિસ ચીજકા ? મનમેં જો ચલ રહા હૈ વહી સામને આયેગા. મનમેં ભગવાન કા રટન ચલ રહા હૈ તો ભગવાન હી સામને આયેગા." પૂજ્યશ્રીએ ભાવવાહી સ્વરમાં કહ્યું. " બહોત ખૂબ ".

પ્રભુને પારખતાં પણ આવડવું જોઈએને ? પ્રભુને ઓળખતાં આવડે તેને જ પ્રભુ મળે. નહીંતર પ્રભુ સાથે ને સાથે હોય છતાંય ખબર ન પડે. આ વાત દંડીસ્વામી પાસેથી જાણવા મળી. દંડીસ્વામી શ્રી આત્માનંદજીએ ફોટો લેવાની ના પાડી, વાતચીત ટેપ કરવાની ના પાડી, કોઈ ભેટ-પ્રસાદી લેવાની ના પાડી ત્યારે પૂજ્યશ્રીએ અમારી પાસેનાં થોડાં ફળ લઈ સ્વહસ્તે સ્વામીજીને આપતાં કહ્યું કે "યહ તો આપકો લેને હી પડેંગે, અત્યાચાર કહો તો અત્યાચાર સમજ કર. ક્યોંકિ અતિ પ્રેમકા દૂસરા નામ હી અત્યાચાર હૈ." આટલું સાંભળી દંડીસ્વામીજીએ ફળોનો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો.

પાછા ફરતાં રસ્તામાં બાબા પીર રતનનાથજીની દરગાહ જોવા ગયા. ત્યાંના સેવક પોતાનો કરોડોનો વેપાર છોડી અહીં સેવાર્થે રોકાયેલા છે એ વાત જાણી પૂજ્યશ્રીએ હળવી મજાક કરતાં અમને કહ્યું પણ ખરું કે "તમારામાંથી કોણ પોતાનો ધંધો છોડી ગુરુજીની સેવા કરવા તત્પર છો?" અમે સૌએ નીચા મોંઢે પૂજ્યશ્રીની સચોટ મજાકને સાંભળી લીધી. આશ્રમે આવી સૌ પોતપોતાના કાર્યમાં લાગી ગયા. સ્વહસ્તે રસોઈ કરી અમે જમી લીધું.

તા. ૧૪-૫-૯૦ના રોજ સવારે હું વહેલો જાગી ગયો હતો. બરાબર છના ટકોરે પૂજ્યશ્રીએ કહ્યું " શેખરભાઈ, ચાલો આપણે ફરવા જઈએ." હું ખુશખુશ થઈ ગયો અને પૂજ્યશ્રી સાથે બહાર નીકળ્યો. સાથે બિપિનભાઈ પણ હતા. અમે બાજુમાં આવેલા પુલ ઉપર ગયા. પુલ ઉપરથી ગંગાજીની મસ્તી, પર્વતોની વનરાજી માણતા માણતા અમે સામે કિનારે પહોંચ્યા. સામે કિનારે પહોંચી પૂજ્યશ્રી કહે "ભૂતકાળમાં જ્યારે અમે આવ્યા હતા ત્યારે આ પુલ નહોતો. એ વખતે દોરડા ઉપર જુદા જુદા અંતરે ટોપલા બાંધેલા. એક ટોપલામાંથી બીજા ટોપલામાં પગ ગોઠવતા ગોઠવતા નદી પાર કરવી પડતી'તી અને હવે તો આ મોટો પુલ થઈ ગયો. પુલ ઉપરથી કાર-ટ્રક જેવાં વાહનો પણ સહેલાઈથી પસાર થઈ શકે છે." સવારના આહ્‌લાદક વાતાવરણમાં કુદરત સોળે કળાએ ખીલેલી. પૂજ્યશ્રી પોતાના કેમેરામાં આ પ્રાકૃતિક સૌંદર્યને ઝીલતા જતા હતાં. એક ફોટો પાડતી વખતે મને એમ લાગ્યું કે પૂજ્યશ્રીની આંગળી લેન્સ ઉપર આવી ગઈ છે." એ વાતની જાણ મેં પૂજ્યશ્રીને કરી ત્યારે પૂજ્યશ્રીએ સાહજિકતાથી કહ્યું કે "ફોટો લીધા પછી આવી ગઈ હશે." થોડો સમય વિચાર કર્યા બાદ પૂજ્યશ્રીએ એ વાતને આગળ ચલાવતાં કહ્યું કે " શેખરભાઈ, તમે અત્યારે જે ટકોર કરી તે ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીની હાજરીમાં કરી હોત તો તેઓ તમારા ઉપર ગુસ્સે થાત. તેઓ તમારી જેમ એ વાત કહે

જ નહીં. અરે ! બધા ફોટા પાડતી વખતે અમારી આંગળી લેન્સ ઉપર આવી ગયેલી હોય તો પણ તેઓ કાંઈ ના બોલે. વળી રોલ ધોવડાવીએ અને એકે ફોટો ન આવે ત્યારે અમે પૂછીએ કે આમ કેમ બન્યું ? તો તેનો પણ જવાબ ન આપે; માત્ર હસ્યા કરે. ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીની આવી અવર્ણનીય મર્યાદા છે ! "

મેં પૂછ્યું "ગુરુજી ! આપના એક વર્ષો જૂના ભક્ત આપની નજીક બેસે છે, આપને અનેક પ્રશ્નો કરે છે, આપની સાથે આત્મીયતાથી વાતો કરે છે, જ્યારે ડૉ. ભિક્ષુજી, ધ્યાનભિક્ષુજી આપની સાથે આપના કહેવા છતાંય કેમ બેસતા નથી ?" પ્રશ્ન સાંભળીને ગુરુજીએ હસતાં હસતાં કહ્યું "મારા જૂના ભક્ત મને નાનપણથી ઓળખે, મારી સાધક અવસ્થાથી ઓળખે, પૂર્વાશ્રમના મુગટરામમાંથી તેઓ મને ગુરુજી તરીકે માનવા લાગ્યા છે, મને પૂજવા લાગ્યા છે. પરંતુ હજુ તેઓ તેમનો મિત્રભાવ ભૂલી નથી શક્યા. જ્યારે ડૉક્ટરભિક્ષુજી, ધ્યાનભિક્ષુજી વગેરે ભક્તો મને ગુરુજી તરીકે જ ઓળખે છે માટે તેઓ શિષ્યભાવે વર્તે છે અને તે બરાબર પણ છે. "

પૂજ્યશ્રીનો જવાબ સાંભળી મને મનમાં થયું કે નાહક પ્રશ્નો પૂછીને હું તેમને હેરાન કરું છું. પૂજ્યશ્રી મારા મનની વાત પામી ગયા અને મને કહ્યું "શેખરભાઈ, તમારા જેવા માણસોની પણ જરૂર છે. મારી દેખીતી ભૂલને જો યોગ્ય સમયે કહેવામાં ના આવે તો નુકસાન થાય ને? અર્જુન ભક્ત હોવા છતાં સખાભાવે જ્યારે ઉદ્ધવજી દાસભાવે શ્રીકૃષ્ણને ભજતા હતા ને ? શ્રીકૃષ્ણને ભગવાન ગણતા હતા ને ? આમ, ગમે તે ભાવે ભક્ત બનવાનું છે. "

આટલું કહી પૂજ્યશ્રી અટક્યા. થોડા સમય બાદ મુનિશ્રી કપિલાચાર્યની વાત કરી. "શ્રી કપિલાચાર્ય બાળક હતા ત્યારે જ તેમનાં માતાપિતાને ખબર પડી ગઈ કે એ બાળક દેવનો અંશ છે. તેથી તેમનાં માતાપિતા તેમને પુત્ર હોવા છતાં ગુરુ માનતાં હતાં. પણ કપિલાચાર્ય તો તેમનાં માતાપિતાને પૂજ્યભાવે જ જોતા હતા, માતાપિતા જ માનતા હતા." આટલું કહી પૂજ્યશ્રીએ સમજાવી દીધું કે જેવા ભાવથી ભક્તિ કરીએ તેવું ફળ મળે.

પૂજ્યશ્રીએ વાતનો દોર ચાલુ રાખતાં આગળ જણાવ્યું કે " શ્રી નિત્યાનંદજી મહારાજે તેમના શિષ્યને કહ્યું કે આ રૂમમાં પાણી પડે છે તો મારા ખભા ઉપર પગ મૂકી તું છત ઉપરનાં નળિયાં સરખાં ગોઠવી દે. શિષ્યે કહ્યું કે પ્રભુ, મારાથી આપના ખભે પગ કેવી રીતે મુકાય ? ત્યારે નિત્યાનંદજીએ કહ્યું કે તારાથી મારા ખભે પગ ના મુકાય પણ તું મારી જીભ ઉપર પગ મૂકી રહ્યો છું. જો તું ખભે પગ મૂકવાની ગુરુઆજ્ઞા ના માને તો ગુરુઆજ્ઞાનું પાલન ના કરવા બદલ જીભ ઉપર પગ મૂક્યો ગણાય."

કેટલી ઊંચી શિખામણ ! પૂજ્યશ્રીનો આટલો સત્સંગ સાંભળી મારા વિચારોને નૂતન દિશા સાંપડી. સવારે સાત વાગ્યે અમે આશ્રમે પાછા આવી ગયા. પૂજ્યશ્રીએ પંકજભાઈને જીપ લઈ આવવા કહ્યું. પંકજભાઈ જીપની તપાસ કરી આવ્યા અને કહ્યું કે બરાબર આઠ વાગ્યે જીપ આવી જશે. બધાનો સામાન તૈયાર હતો. સૌ પોતપોતાનો સામાન ઉતારવા જતા હતા ત્યાં જ પૂજ્યશ્રીએ કહ્યું, " માણસ મારફતે સામાન ઊતરાવો. અહીં ગરીબી ખૂબ છે. આપણે તેમને પણ કંઈક આપવું જોઈએ. " દયાનિધિ - દયાળુ ગુરુજીના આ સ્વરૂપનાં પણ આજે અમને બધાને દર્શન થયાં.

અમે અમારો બધો સામાન જીપમાં પેક કરી બરાબર આઠ વાગીને પિસ્તાલીસ મિનિટે ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું.

**(ક્રમશઃ)**

**ગુણાતીતના ગુણ ગાતાં ગાતાં જ ગુણાતીત થઈ જવાય છે.**

**-યોગભિક્ષુ**

# દુર્ગુણથી છલોછલ ભરેલો તું

(સ્વાધ્યાય-કેન્દ્રમાં થયેલ પ્રવચન )

પ્રવક્તા - યોગભિક્ષુ

સંકલન - શશીકાંત પટેલ

આપણે આપણા સ્વાધ્યાયની શરૂઆતમાં "જે જે સાચી સમજ પમાય તે તે ગુરુપૂજન ગણાય, જે જે દુર્ગુણ છૂટી જાય તે તે પ્રભુભજન ગણાય" તે ભજન બોલીએ છીએ. વળી આ નવરાત્રિ નિમિત્તે એક ગરબો ગાઈએ છીએ- " અંબા આવો રમવાજી, રમવાની અમને હોંશ ઘણી; રમવા કેમ કરી આવું હું, દુગુર્ણથી છલોછલ ભરેલો તું."

આપણે માતાજીને ગરબે રમવાનું આમંત્રણ આપીએ પરંતુ એ આવે ક્યાંથી ? માતાજી આમંત્રણ આપનારને શું જવાબ આપે છે ? દુર્ગુણથી છલોછલ ભરેલો તું. મનુષ્ય દુર્ગુણથી છલોછલ ભરેલો છે.

મનુષ્ય ગમે તેટલો ભણેલો હોય કે ગમે તેટલો ધનવાન હોય પરંતુ જ્યાં સુધી એ કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતને સમજી ન શકે ત્યાં સુધી એ નિર્ધન જ છે, ત્યાં સુધી એ અભણ જ છે, ત્યાં સુધી એ દુઃખી જ થવાનો છે, ત્યાં સુધી એ મંદબુદ્ધિ છે, એ હોશિયાર નથી. બીજાને છેતરવામાં એ પોતાને ગમે તેટલો હોશિયાર સમજતો હોય પરંતુ એને પોતાને એ ખબર જ નથી કે એ કેટલો બધો મંદબુદ્ધિ છે. એને એ ખબર નથી કે બીજાને છેતરવામાં હું દુઃખી થવાનો છું, કર્મ મને છોડવાનું નથી.

પૃથ્વીમાં આપણે જે કાંઈ વાવીએ છીએ એ જ ઊગે છે તે આપણે જોઈએ છીએ અને છતાંય સૂક્ષ્મ કર્મોનું સૂક્ષ્મ ફળ આપણને મળશે જ એ વાત આપણે માનતા નથી. આપણે એમ જ માનીએ છીએ કે કહેનારા ભલેને કહેતા હોય પણ એમ તો કાંઈ થતું હશે અથવા તો કહેનારાએ કહેલું સાચું માન્યા છતાંય આપણે ખોટાં કર્મોમાંથી પાછા વળી શકતા નથી; દુર્યોધન કહેતો હતો એમ 'હું શું કરું છું એ બધીય મને ખબર છે પણ એ કર્યા વિના હું રહી શકતો નથી'. અત્યારે ક્ષણિ[illegible] સુખ ભોગવવામાં આવતીકાલે દુઃખનાં પોટલા માથે ટૂટી પડવાનાં હોય તો પણ આપણે પાછા વળી શક[illegible] નથી, એ ક્ષણિક સુખના મોહમાં. હાલમાં એ ક્ષણિક સુખ સામે આવીને પૂછે તો કહીએ કે તે તો ભોગવી જ લો , કાલે જે થવું હશે તે થશે. થવું હોય એ શું થશે ? ખબર જ છે કે કાલે તો આમ થવાનું જ છે. કાલે આ બધાનું સાટું વાળી દેવું પડશે એટલું દુઃખ આવી પડવાનું છે, પણ તોય સામે આવેલા સુખને ભોગવી લેવાની જબરજસ્ત લાલચ છે. એ લાલચમાંથી તો ગુરુસંતો એક થપ્પડ મારીને જો પાછા કાઢે તો જ આવતીકાલના દુઃખમાંથી મુક્ત થઈ શકીએ.

સામાન્ય રીતે ત્રણ પ્રકારના મનુષ્યો જોવા મળે છે. પહેલાં પ્રકારના મનુષ્યોને ગુરુસંતો પાસેથી તત્ત્વજ્ઞાન[illegible] વાતો સાંભળવાનો - સમજવાનો મોકો જ નથી મળતો કે સારું કરીશું તો સુખ મળશે અને ખોટું કરીશું તો દુઃખ મળશે. બીજા પ્રકારના મનુષ્યોને આવી વાતો સાંભળવાનો મોકો તો મળે છે પણ તેમની સ્થિતિ એવી છે કે તેઓ એમ જ સમજે છે કે આ તો બધું કહેવા ખાતર કહેવાઈ રહ્યું છે, આ કાંઈ સાચું ના હોય. અને તેથી તેઓ એ પ્રમાણે વર્તતા નથી. ત્રીજા પ્રકારના મનુષ્યોની સ્થિતિ કેવી છે ? તેઓ ગુરુસંતો દ્વારા કહેવાયેલી વાતને સાચી માને છે કે જે કાંઈ વાવીએ છીએ તે જ ઊગે છે તેમ આપણે જે કાંઈ કરીએ તેનું

ફળ આપણાં કર્મો પ્રમાણે જ મળવાનું છે. વાત તો સાચી છે પણ આપણાથી રહી શકાતું નથી. અત્યારે થોડું સુખ મળતું હોય અને એ સુખ માટે ખોટું કર્મ કરવું પડતું હોય તો ખોટું કર્મ કરી નાખીશું, પણ થોડું સુખ જતું કરીશું નહીં. કેમ કે એ સુખ તો સામે આવીને ઊભું છે. પછી આવતીકાલ કે ભવિષ્યકાળમાં જે દુઃખ આવવાનું છે તેના માટે તો વિચારીશું કે એ તો ભવિષ્યકાળમાં આવવાનું છે ને ? ત્યારની વાત ત્યારે. પણ ભાઈ ! ભવિષ્યકાળને વર્તમાનકાળ થતાં વાર ક્યાં લાગે છે? ત્રીજા પ્રકારમાં આવતા મનુષ્યો આવા છે કે કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતને જાણવા છતાં સામે આવેલાં સુખને જતું કરી શકતા નથી. તેઓ વાસનાના, વિષયભોગના એટલા બધા ગુલામ છે કે છેલ્લું પરિણામ જાણવા છતાં તેમાંથી મુક્ત થઈ શકતા નથી.

તો, ત્રીજા પ્રકારના મનુષ્યો કે જેઓ ગુરુસંતોની વાતો સાંભળે છે, માને છે એમના માટે તો વિષયભોગો સામે આવે અને તેઓ ભોગો ભોગવવા, ક્ષણિક સુખ પ્રાપ્ત કરવા લલચાય તે પહેલાં જ ગુરુસંતો તેમને લાત મારીને તેમનું દિશાપરિવર્તન કરી નાખે તો જ તેઓ વિષયભોગોમાંથી મુક્ત થઈ શકે. પણ એવું ક્યારે બને ? કે જ્યારે તેવા મનુષ્યોએ તેમના ગુરુસંતોને એટલો અધિકાર આપી દીધેલો હોય કે ગુરુસંતો તેમને વિના સંકોચે લાત મારે. અને લાત મારે એટલે ખરેખર પગથી જ લાત મારે એમ નહીં; પગથીય લાત મારે ને હાથથીય લાત મારે ને જીભથીય લાત મારે- ઉપદેશના એવા શબ્દો કહે કે આપણે અવળા થઈ જઈએ. પણ ક્યારે ? જ્યારે આપણે તેજણ હોઈએ ત્યારે. નહીંતર તો ગુરુસંતો આપણને ડફણાં મારે જ રાખે, છતાં આપણે આપણી પરિસ્થિતિમાંથી મુક્ત થઈએ જ નહીં અને દુઃખમાં સબડતા જ રહીએ, દુઃખમાં સબડતા જ રહીએ. બીજાને છેતરીને આપણે પોતે છેતરાતા રહીએ. અરે ! બીજાને તો છેતરીએ તો છેતરીએ, પણ આપણા ગુરુસંતને પણ છેતરવાનો પ્રયત્ન કરતા હોઈએ. એ છેતરાતા હોય, જાણીજોઈને જ છેતરાતા હોય અને આપણે એમ સમજીએ કે આપણે આપણી હોશિયારીથી જ તેમને છેતરી રહ્યા છીએ.

તો આમ ! " અંબા આવો રમવાજી, રમવાની અમને હોંશ ઘણી " ગરબો ગાયો. તો અમને રમવાની તો ઘણી હોંશ છે પણ રમે ક્યાંથી ? અંબા રાજી થવાં જોઈએ ને. ગરબામાં એક લીટી આવે છે- " માતાને ગમે તેવી લાયકાત કેળવ , પછી માતાજીની આશિષ મેળવ. " અને માતાને ગમે તેવી લાયકાત કેળવાય તે જ માતાજીની આશિષ છે. લાયકાત કેળવીએ તો પછી આશિષ માંગવાની જરૂર નથી રહેતી.

આમ, દર રવિવારે આપણે સ્વાધ્યાય - કેન્દ્રમાં ભેગા થઈએ છીએ અને આ બધી વાતો તાજી કરીએ છીએ કે આપણે જીવનમાં આ પ્રમાણે વર્તવાનું છે, આ પ્રમાણે આચરણ કરવાનું છે. બાકી તો , સ્વાધ્યાય-કેન્દ્રનાં પગથિયાં ઊતર્યા કે ફરી પાછા માયાના ચક્કરમાં, વહેવાર - પ્રપંચની વાતોમાં સબડ્યા કરીએ છીએ. ગુરુસંતોથી થોડા છૂટા પડ્યા અને એમની વાણીથી થોડા આઘા ખસ્યા કે પાછા ચોર્યાસી લાખના ચક્કરમાં. ગુરુસંતોની વાત સમજાય નહીં તો પછી વૃત્તિઓના દાસ. આમ, દર રવિવારનો સત્સંગ બીજા સાત દિવસ સુધી આપણને બરાબર હામ, દામ અને કામ આપે, આપણને પૂરતો ઉત્સાહ આપે; આપણને, આપણે શું કરવાનું છે તે બાબતે બરાબર તાજા રાખે. આજનો સ્વાધ્યાય-સત્સંગ એ આવતા સ્વાધ્યાય-સત્સંગ સુધી બરાબર તાજો રહે અને આપણે એ પ્રમાણે વર્તન કરીએ. આપણો સમય આપણે કઈ રીતે પસાર કરીએ તે માટે આપણે બધું બરાબર ગોઠવી જ રાખ્યું હોય, ગુરુજી જે કાંઈ બોલી રહ્યા છે અને જે કાંઈ ગવડાવે છે તે બધું આપણે જાતે કેમ ન કરીએ ? ઘરે બેઠા તે બધાની પ્રેકટિસ કરીએ કે જેથી બધાની વચ્ચે પણ કરી શકીએ.

પરંતુ આપણે આપણને વહેવાર-પ્રપંચમાં રોકેલા ને રોકેલા જ રાખીએ છીએ.

મનરૂપી ભૂતને સત્કર્મો નહીં આપીએ તો એ અસત્કર્મો કરવાનું જ છે, એનો સ્વભાવ જ છે. તે વાતને એક દૃષ્ટાંતથી સમજીએ. એક ભાઈએ સાધના કરીને એક ભૂતને સાધ્યું. ભૂતે તેને કહ્યું કે ભાઈ, હું તારું બધું કામ કરીશ, પણ હું નવરું નહિ બેસી શકું, મારે કામ તો જોઈશે જ. તું મને જો કામ નહીં આપે તો હું તને મારી નાખીશ. પેલા ભાઈ કહે ભલે, મારી પાસે કામ ખૂટે એવું નથી. પછી એણે તો કામ કરાવવા માંડ્યાં. પણ પેલો જે કામ કહે તે કામ ભૂત તરત જ પતાવી દે.

આ તો ભૂતનું માત્ર દૃષ્ટાંત ચાલી રહ્યું છે. હકીકતમાં ભૂત જેવું કાંઈ હોતું જ નથી. ભૂતની વાત કરીએ તો નાનાં બાળકો અને મોટાના મનમાં પણ ઘૂસી જાય કે આ બધી ભૂતની વાતો સાચી હશે. આપણે તો મનરૂપી ભૂતની વાતો કરી રહ્યા છીએ. ખરેખર તો કર્મના સિદ્ધાંતોને ન માનવા એ જ મોટામાં મોટું ભૂત છે. એમાંથી જ મોટાં મોટાં દુઃખોની ઉત્પત્તિ થાય છે. પણ આપણે એમાંથી મુક્ત થઈ શકતા નથી. કેમકે એ ભૂત આપણા ઉપર બરાબર સવાર થઈને બેઠું છે.

દૃષ્ટાંતને આગળ ચલાવીએ. પેલા ભાઈ ભૂતને કામ બતાવે અને ભૂત તરત જ કામ પતાવી દે. આમ બધાં જ કામ પૂરા થઈ ગયાં. ભૂત કહે કામ બતાવ. પેલો મૂંઝાયો. હવે શું કરવું ? હવે તો મારી પાસે કામ નથી. તો ભૂત કહે છે કે હું તમને ખાઉં. એટલે પેલો ભાગ્યો. ભાગીને એક સંત પાસે ગયો. સંત કહે કે ભાઈ કેમ ભાગતો ભાગતો આવ્યો ? પેલો કહે કે આ ભૂત મારી પાછળ પડ્યું છે. મેં તેની સાથે શરત કરી હતી કે મારે તેને કામ બતાવવું અને જો તેને કામ ન બતાવું તો તે મને મારી નાખે. હવે મારી પાસે કામ રહ્યું નથી. સંત કહે, હું તને એક યુક્તિ બતાવું. તારા ફળિયામાં ભૂત પાસે એક થાંભલો રોપાવી દે. જ્યારે કામ પડે ત્યારે કામ બતાવવું અને કામ ના હોય ત્યારે ભૂતને કહેવાનું કે આ થાંભલા ઉપર ચડ અને ઉતર. આમ તો એ કાંઈ કામ ના થયું પરંતુ ભૂતને એક પ્રવૃત્તિ તો મળી.

તો આમ, એ મનરૂપી ભૂતને પ્રવૃત્ત રાખવું પડશે. જો એને સત્પ્રવૃત્તિ નહીં આપો, સત્કાર્યમાં નહીં રોકી રાખો તો એ ખોટું કાર્ય જ કરશે. જ્યાં જવાની ના પાડી હશે ત્યાં જરૂર જશે. જ્યાં વધુ સાવધાની રાખશો ત્યાં વધુ પતન કરાવશે. માટે એને ગુરુસંતો દ્વારા અપાયેલ સત્કાર્યોમાં રોકી રાખીએ. ગુરુસંતો જાતે આવીને આપણા માટે કેટલો બધો પ્રયત્ન કરે છે. અને છતાં પણ જો આપણે તેનો લાભ ન લઈ શકીએ તો આપણે ભૂતના - મનરૂપી ભૂતના ઝપાટામાં આવી ગયા ! બીજું શું ? ! અસ્તુ.

**પોતાના અહંકારને પોષવાનો અને ઓછી મહેનતે વધુ પ્રાપ્ત કરવાનો લગભગ સૌનો આગ્રહ હોય છે. ભૂતકાળને પૂજવાનું, વર્તમાનકાળનો નિરાદર-અલ્પાદર કરવાનું અને ભવિષ્યના તરંગી-બહુરંગી ખ્યાલોમાં રાચવાનું ઉપરોક્ત આગ્રહમાંથી જ જન્મતું હોય છે.**

**-યોગભિક્ષુ**

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३ ।

## ● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્- ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચુ લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

લવાજમ દર :-

| | |
|---|---|
| વાર્ષિક સભ્ય (ભારતમાં) | રૂા. ૧૨-૦૦ |
| આજીવન સભ્ય-- | રૂા. ૨૫૦-૦૦ |
| વાર્ષિક સભ્ય(પરદેશમાં)-- | ૧૨ ડોલર |
| આજીવન સભ્ય-- | ૨૫૦ ડોલર |

લવાજમ મોકલવાનું સ્થળ :-

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
''સ્વાશ્રય''
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ- ૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઑર્ડર દ્વારા ''ઓ. પ્રે. પ. ટ્રસ્ટ'' ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) ''ઋતમ્ભરા'' ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

**નૈષધભાઈ સી. વ્યાસ**
''સ્વાશ્રય''
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.**

**PRINTED BOOK**

Registrar of News Papers of India under Regd. No. 48770/90

To,

Pin Code

આદ્યસંસ્થાપક તથા
આધ્યાત્મિક વડા પ. પૂ.
ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**PRINTED & PUBLISHED BY :-**
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh C. Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-g (5) No.H.Q.-III 33-163/92-93 up to March 1995